

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## અરવલ્લી જિલ્લામાં માવઠાના પગલે ખેડૂતોમાં ચિંતાનું મોજુ

સમગ્ર ઉત્તર ગુજરાત માં તરાયણ બાદ છવાયેલ કાતીલ ઠંડી નુ મોજુ ફરી વળ્યુ છે ૧૦ ડીગ્રી કરતાં નીચુ ગયેલુ લઘુત્તમ તાપમાન દોઢ ડીગ્રી પર આવ્યુ છે. આ સંજોગોમાં આજે અરવલ્લી જીલ્લામાં દિવસ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યુહતુ. જયારે આ વાદળછાયા વાતાવરણને લઈને આજે વાતાવરણમાં ઠંડીનો ચમારો જોવા મળ્યો હતો. આ વાતાવરણને લઈને સમગ્ર દિવસ દરમ્યાન લોકો પોતાન ઘરોમાં જ પુરાઈ રહયા હતા. જયારે બપોર બાદ એકાએક કમોસમી વરસાદ વરસવાને લઈને જગતનો તાત ખેડુત શિયાળુ પાકને લઈને ચિંતાતુર બની ગયા હતા. જયારે એકબાજુ કપાસના ભાવને લઈને ખેડુતોને પહેલેથી રોવાનો વારો આવ્યો છે ત્યારે આજે પડેલ આ માવઠાને લઈને ખેડુતોના પેટ ઉપર પડતા પર પાટુ વાગ્યુ હોય તેછી પરીસ્થીતીનુ નિર્માણ થવા પામ્યુ હતુ.

## સલાલ પાસે ટીવી ચેનલની ઓવી વાન પલટી ખાતા ચાલકને ગંભીર ઈજા

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ પાસે બુધવારે બપોરે એક ટીવી ચેનલની ઓવી વાન અચાનક પલટી જતા ચાલક સહીત ચારને ઈજા થવા પામી હતી. તમામને ૧૦૮ દ્વારા પ્રાંતિજ આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતા. આ અંગે પ્રાંતિજ પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે મુંબઈથી ટાઈમ્સ નાઉની એક ઓવી વાન દિલ્હી જવા નીકળી હતી. દરમિયાન બુધવારે બપોરના સુમારે સલાલ પાસે અચાનક પલટી ગઈ હતી. પરિણામે વાનના ચાલક હૈદરઅલી સબ્બીર અહેમદઅલી અન્સારી અને રાજેશપ્રસાદ સહીત ચાર જણાને શરીરે ઈજાઓ થવા પામી હતી.

# જગ્યાના અભાવે અપગ્રેડ કરાયેલી મોડાસા આર.ટી.ઓ. કચેરી કાગળોમાં સમેટાઈ

## સરકારી તંત્રના વિભાગોની એકબીજાને ખો આપવાની નીતીને લઈને જીલ્લા વાસીઓને હાલાકી

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા.૨૧

સાબરકાંઠા જીલ્લાનુ વિભાજન થયા પછી અરવલ્લી જિલ્લો અસ્તીત્વમાં આવ્યાને લઈને તાલુકાની જનતા અલગ જિલ્લો બનવાને લઈને હરખાઈ ઉઠી હતી.

પરંતુ કેટલીક સમસ્યાઓને લઈને અરવલ્લી જીલ્લાના જિલ્લાવાસીઓને હજુ પણ સાબરકાંઠા જીલ્લાના ધકકા તો ખાવા જ પડે છે. તેમાથી એક કચેરી છે આર.ટી.ઓ. કચેરી સરકાર ધ્વારા મોડાસા ખાતેની મોટર વાહન નીરીક્ષક કચેરી ને અપગ્રેડ કરીને આર.ટી.ઓ. કચેરીનો દરજજો તો આપ્યો પરંતુ સરકારી તંત્રો વચ્ચે એકબીજાને ખો આપવાની વૃતીને લઈને સુવિધાવાળી જગ્યાના અભાવે આ અપગ્રેડ કરાયેલી કચેરી માત્ર કાગળોમાં જ સમેટાઈને રહી ગઈ હોય તેવુ લાગી રહયુ છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા ખાતે હાલની આર.ટી.ઓ ઈન્સપેકટરની કચેરીના ઈન્સપેકટર કે.વાય જાનીના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લાની પ્રજાને જરૂરી સુવિધાઓ માટે આ કચેરીને અપગ્રેડ કરી આરટીઓ કક્ષાનો દરજજો અપાયો છે. આ આરટીઓ અધિકારીઓ સહિત ૧૭નો મહેકમ મંજુર કરાયો છે. જયારે જિલ્લાને ફાળવામાં આવેલ ૩૩ કોડ નંબરને લઈતી તમામ રજીસ્ટ્રેશન ની સગવડો તૈયાર છે છતાં જરૂરી જગ્યાની ફાળવાણીના અભાવે આ સુવિધાઓ પ્રજા સુધી પહોચાડી શકાતી નથી. વધુમાં આ અધિકારીના જણાવ્યા અનુસાર વિભાગ ધ્વારા યોગ્ય જગ્યા મેળવવા પ્રયસો હાથ ધરાયા છે.

જયારે મોડાસા જીઆઈડીસી કચેરી ખાતેની જગ્યા મેળવવાના પ્રયોસો હાથ ધરવામાં આવી રહયા છે. પરંતુ સરકારી નીતી નીયમોને લઈને જગાના અભાવે અપગ્રેડ કરાયલી સેવાઓ અટવાઈ છે.

### ખાનગી કંપનીનુ કેન્દ્ર બંધ છતાં પણ જગ્યા કેમ ફળવાતી નથી...

મોડાસાની જીઆઈડીસી કેન્દ્રનુ સુવિધા સજજ બીલ્ડીગ જે આરટીઓ કચેરીને હંગામી બે વર્ષ માટે ફાળવી આપવા માટે ભલામણ કરવામાં આવી છે તે બીલ્ડીગમાં એક ખાનગી કંપની ધ્વારા સરકારની મહેરબાનીથી કહેવાતા કૌશલ્યવર્ધનના તાલીમના વર્ગો ચલાવી રહયા હોવાનુ પત્રોમાં જણાવેલ છે. પરંતુ જીઆઈડીસી નરોડાના નાકાઈ ના તા. ૧૪/૫/૧૪ના પત્ર મુજબ આ કંપની ધ્વારા કર્મચારીઓને તાલીમની કોઈ પણ સગવડ પુરી પડાઈ નથી. આ બીલ્ડીંગનો ઉપયોગ કરાતો જ નથી ત્યારે પ્રશ્ન એ છે કે પ્રજા માટે સૌથી જરૂરી આરટીઓ કચેરીને આ યોગ્ય જગ્યા કેમ ફાળવી આપવામાં નથી આવતી અને આ જગ્યા ફાળવી આપવામાં કોળ નડી રહયુ છે તે એક ચર્ચાનો વિષય છે.

# ધનસુરા પંથકના કરચોરોને છાવરનાર ભ્રષ્ટ અધિકારીઓની એ.સી.બી.માં પુરાવા સાથે રજૂઆત કરવાની હીલચાલ

## કરચોરો સામે સરકારી તંત્ર ધુતરાષ્ટ્રની આંખે જોતુ હોવાની રાવ

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) ધનસુરા તા.૨૧

અરવલ્લી જીલ્લા ના ધનસુરા પંથક માં કવોરી ઉદ્યોગ ના મોટા કેન્દ્રો વડાગામ રાજપુર આકરૂન્દ સીમલી જેવા ગામો ગણાય છે.કવોરી ઉદ્યોગ ના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ફુલ્યો ફાલ્યો છે અને પરીણામે ધનસુરા નગર લોખંડ ના વેપાર નુ એક મોટુ કેન્દ્ર બની ગયેલ છે તાલુકા માં વેપાર ઉદ્યોગ નો વિકાસએ આવકાર્ય બાબત છે પરંતુ કેટલાક પ્રમાણીક ઉદ્યોગપતિઓ કે વેપારી વર્ગ ને બાદ કરતાં અનેક વેપારીઓ સરકારી કરવેરા ની ચોરી રહયા છે જેમાં એકસાઈઝ અને વેચાણવેરા ની મોટાપાયે ચોરી થતી હોવાથી કારખાનેદારો અને વેપારીઓની બે હીસાબી આવક માં જંગી વધારો થવા પામ્યો છે રાતોરાત માલેતુજાર બની જતાં આવા વેપારીઓ કે કારખાનેદારો સારકારી તીજોરી ને તો લુટી રહય છે પરંતુ પોતાના બે હીસાબી નાણા ને સગેવગે કરવા મો માગ્યા દામ આપી બે હિસાબી મીલકતો વસાવી રહયા છે જેના લીધે સામાન્ય મધ્યમ વર્ગ નો માણસ રોજગારી મેળવવા દુકાન કે જમીન ખરીદવા સશકત રહેતો નથી અને ભ્રષ્ટ કારખાનેદારો કે વેપારીઓ સામે સ્પર્ધા માં ટકી શકે તેમ પણ નથી એટલે પોતાના બે હિસાબી નાણા ને ટેકાણે પાડવા ઉંચા ભાવે મિલકતો ખરીદતા શખ્સો સમાજને પણ નુકશાન પહોચાડે છે

અરવલ્લી જિલ્લા ની અલગ અલગ રચના થવા છતાં કેન્દ્ર સરકાર ની કેટલીક કચેરીઓ જિલ્લા મથકે શરૂ થઈ શકેલ નથી પરિણામે આવા કરચોર કારખાનેદારો અને વેપારીઓ ને મોકળુ મેદાન મળી ગયુ હોવાનુ માનવામાં આવે છે કારણકે કેટલાક સરકારી વિભાગો નો વહીવટ સાબરકાંઠા જીલ્લા અધિકારીઓ ધ્વારા કરવામાં આવે છે સાબરકાંઠા જીલ્લા માં તાજેતર માં જ હીમતનગર ખાતે સામાન્ય ફરસાણ વાડા ને ત્યં થી લઈ ને સિરામીક ઉદ્યોગ સામે કરચોરી પકડવા માટે જે રીતે ઝુંબેશ સરકારી તંત્ર ધ્વારા ચલાવાઈ તે પ્રકારે ધનસુરા પંથક ના કરચોરો સામે પણ વ્યાપક ઝુંબેશ ચલાવાય તો મોટાપાયે કરચોરી બહાર આવે તેવી સંભાવના છે જોકે આ અંગે ધનસુરા ના જગૃત નાગરિકો ધ્વારા વારંવાર રજુઆત કરવા છતાં ગાધી વૈધ નુ સહિયારૂ હોય તેમ આયકર વિભાગ એકસાઈઝ વિભાગ અને વેચાણવેરા વિભાગ આવા કેટલાક ભ્રષ્ટ અધિારીઓ આવા કરચોર ને રક્ષણ આપતા હોય તેવુ ચર્ચાઈ રહયુ છે ટુંક સમય મં જ કેટલાક જાગુત નાગરીકો ધ્વારા આવા ભ્રષ્ટ અધિકરીઓ સામે લાંચ રૂશ્વત બ્યુરો ઓફીસ માં પણ આધાર પુરાવા સાથે રજુઆત થનાર હોવાનુ જાણવા મળેલ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

### મોડાસના જાણીતા બીલ્ડરને ત્યાં આયકર વિભાગનું સર્ચ ઓપરેશન

અરવ્લ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી બીલ્ડરો ધ્વારા મસમોટી જમીન ખરીદીને નવીન મકાનની અવનવી સ્કીમો બહાર પાડવામાં આવી રહી છે અને મનફાવે તેમ આ મકાનોની કીંમત મુકી લોકોને આ મકાન વેચવા માટે મુકવામાં આવે છે ત્યારે આ ધંધામાં બીલ્ડરો ધ્વારા કરોડો રૂપીયા કમાઈને ઈન્કમટેક્ષ ન ભરતાં હોવાનુ આયકર વિભાગને બાતમી મળી હતી. તે બાતમીના અધારે આજે ઈન્કમટેક્ષ વિભાગ ધ્વારા મોડાસાના એક જાણીતા બીલ્ડરને ત્યાં રેડ કરી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે લોકમુખે એવુ પણ ચર્ચાઈ રહયુ છે આ બીલ્ડર સિવાય આયકર વિભાગ ધ્વારા મોડાસામાં અન્ય જગ્યાઓએ પણ સર્ચ ઓપરેશન હાથ ધરી અને રેડો નીલ બતાવી પોતાના ખીસ્સા ગરમ કરી લીધા હોવાનુ પણ લોકમુખે ચર્ચાઈ રહયુ છે.

## હિંમતનગરમાં આજથી પોલીસ ભરતીમાં પ્રથમ દિવસે ૧૧૪૬ ઉમેદવાર આવ્યા

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર બુધવારે સવારે પોલીસની ઓનલાઈન ભરતીનો પ્રારંભ થયો હતો. આ અંગે ભરતીના ઈન્ચાર્જ ગીરીશ પંડયાએ જણાવેલ આ પીએસઆઈ, એએસઆઈ અને કોન્સ્ટેબલની ભરતીમાં પ્રથમ ૮૦૦ મીટર દોડ હોય છે. જે ૩ મિનિટ ૧૦ સેંકડમાં પૂર્ણ કરવાની હોય છે દરરોજના ૩૦૦૦ હજાર ઉમેદવાર ફાળવ્યા છે જેમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાંથી ઉમેદવાર આવ્યા હતા. જયારે બુધવારે ૧૧૪૬ ઉમેદવારો આવ્યા હતા અને તેમાંથી ૬૫૫ ઉમેદવારોએ પાસ થયા હતા હવે તેમનું પરીણામ ભરતી બોર્ડ દ્વારા બહાર પડશે જેમને હવે ૫૦૦૦ મીટરની દોડમાં ભાગ લેવાની આગામી તારીખ સાથેનો કોલ લેટર મળશે.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા ધાબળા-બિસ્કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ મુકેશભાઈ પંચાલ, રામઅવતાર શર્મા, નરેશભાઈ પંચાલ, હિરાભાઈ પટેલના જણાવ્યા મુજબ મઉંટાડાં પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓને ધાબળા તેમજ બિસ્કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મઉંટાંડા પ્રાથમીક શાળાના આચાર્ય ધનજીભાઈ નિનામાને શ્રેષ્ઠ આચાર્ય તરીકેનું સન્માનપત્ર આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. મઉંટાંડા પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## હિંમતનગરની ફાર્મસી કોલેજમાં ફાર્મસી અવેરનેશ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં કેળવણી મંડળ સંચાલિત ફાર્મસી કોલેજમાં બુધવારથી શરૂ થયેલ ચાર દિવસનો ફાર્મસી અવેરનેશ કાર્યક્રમ અંતર્ગત ૧૫૦ વિદ્યાર્થીઓએ મુલાકાત લઈને કામગીરીથી માહિતગાર થયા હતા. આ અંગે ફાર્મસી કોલેજના આચાર્ય ડૉ. દુષ્યંત શાહ અને ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ કલ્પિત દવેએ જણાવેલ કે હિંમતનગરની ફાર્મસી કોલેજ દ્વારા ૨૧ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન ચાર દિવસનો ફાર્મસી અવેરનેશ કાર્યક્રમ રાખેલ છે જેમાં શહેરની ૧૮ સ્કૂલોના ધો. ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. બુધવારે પ્રથમ દિવસે ન્યુ ઈંગ્લિશ, હિંમત હાઈસ્કૂલ નં. ૨ અને મદ્રેસા હાઈસ્કૂલના ૧૫૦ વિદ્યાર્થીઓ ફાર્મસી કોલેજમાં આવ્યા હતા અને કોસ્મેટીક વસ્તુઓ, ગોળીઓ, કેપ્સ્યુલ, ઈન્જેકશન કેવી રીતે બને છે તેને લીધા પછી કેટલા સમયમાં અસર થાય છે અને કેવી રીતે અસર કરે છે તે બનાવતા રૂબરૂ નિહાળ્યું હતું અને તેના વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ભિલોડા તાલુકાના કમઠાડીયા અને સુરપુર ગામનો રેવન્યું વિલેજ કોડ ફાળવવા પ્રજાજનોની માંગણી

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત મતવિસ્તારના કમઠાડીયા અને સુરપુર ગામનો રેવન્યું વિલેજ કોડ ફાળવવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે પરંતુ વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા રેવન્યું વિલેજ જાહેર કરાયેલા ગામને રેવન્યું વિલેજ કોડ આજ દિન સુધી જાહેર ના કરતા પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન તબીયાર અને ગ્રામજનોના જણાવ્યા મુજબ ૨૦૦ થી વધુ ખાતેદારોને ભારે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો છે. વહીવટી તંત્રના અધિકારીઓને વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં કમઠાડીયા અને સુરપુર ગામનો રેવન્યું વિલેજ કોડની ફાળવણી વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા ઠાગા-ઠૈયા કરતાં પ્રજાજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગ્રામજનોએ ફરીયાદ નિવારણ કાર્યક્રમની સંકલન બેઠકમાં ઉગ્ર રજુઆત કરી રેવન્યું વિલેજ કોડ સત્વરે ફાળવવા પ્રબળ લોકમાંગણી છે. કમઠાડીયા અને સુરપુર ગામના પ્રજાજનોએ જણાવ્યું હતું કે સરકારના લાભો,હક્કો મળતા નથી. જેના કારણે ગામનો વિકાસ રૂંધાયો છે.

ભિલોડા મામલતદાર એ. કે. જોષીએ જણાવ્યું હતું કે વહીવટી તંત્રની ઉચ્ચ કચેરી ધ્વારા ઝડપી કાર્યવાહી કરવામાં આવશે. સાબરકાંઠા જીલ્લાના વિભાજન થયેલ છે. નવિન અરવલ્લી જીલ્લો બનાવવામાં આવ્યો છે. ભિલોડા તાલુકાની વાંસળી ગ્રૃપ પંચાયત મતવિસ્તારના કમઠાડીયા અને સુરપુર ગામ અરવલ્લી જીલ્લામાં આવેલ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે એન. આઈ. સી. વિભાગની શાખા સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ખાતે કાર્યરત છે જેના કારણે ગંભીર સમસ્યા સર્જાયેલ છે. ભિલોડા તાલુકાની વાંસળી ગ્રૃપ ગ્રામપંચાયત મતવિસ્તારના કમઠાડીયા અને સુરપુર ગામનો રેવન્યું વિલેજ કોડ સત્વરે ફાળવવામાં નહી આવે તો પ્રજાજનો ગાંધીચિધ્યા માર્ગે લડત આપશે તેવું રણશીંગું ફુકાયું હોવાના અહેવાલો આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

# પાલનપુર ખાતે વીજ કંપની સામે ભારતીય કિસાન સંઘના ધરણાં

## પડતર વીજ પ્રશ્નો અને ખોટી કનડગત કરાતી હોવાની રાવ સાથે કલેક્ટર અને વીજ કંપનીને પાઠવ્યું આવેદનપત્ર : માંગણીઓ નહી સંતોષાય તો વીજ કંપનીના અધિકારીઓનો કરાશે ઘેરાવ

પાલનપુર, તા. ૨૧

સરહદી બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોના વીજ પ્રશ્નોને લઈને આજે બનાસકાંઠા કિસાન સંઘે બાંયો ચડાવી હતી. પાલનપુર ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતોના પડતર પ્રશ્નોને લઈને વીજ કંપની સામે ધરણાં યોજવામાં આવ્યા હતા.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે અપુરતો વરસાદ થયો છે, ત્યારે પડતા પર પાટુ મારતા વીજ કંપની દ્વારા ખેડૂતોની ખોટી કનડગત થતી હોવાના મુદ્દે કિસાન સંઘ આજે અવાજ ઉઠાવતા ધરણાં યોજ્યા હતા. ઓવરલોડની ઘણી અરજીઓ પેન્ડીંગ છે. વળી, એસ્ટીમેન્ટ ન મળવાથી ખેડૂતોના લાખો રૂપિયાના ખર્ચે બનાવેલા બોર પણ ફેલ થઈ રહ્યા છે. ત્યારે ચેકીંગના નામે ખેડૂતોની થતી હેરાનગતિ સામે ખફા ભારતીય કિસાન સંઘે આક્રમક રૂખ અપનાવ્યો છે. અને પોતાની ચકચાર મચી જવા પામી છે. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ કુરાભાઈ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ભારતીય કિસાન સંઘે ઉગ્ર સૂત્રોચ્ચાર વચ્ચે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

જો કે, ધરણાં પર ઉતરેલા માંગણીઓ નહી સંતોષાય તો વીજ કંપનીના અધિકારીઓનો ઘેરાવ કરવાની પણ ચિમકી ઉચ્ચારતા ચૌધરી, પ્રદેશ ઉપપ્રમુખ શામળભાઈ જેઠાભાઈ પટેલ સહીતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## ખેડબ્રહ્મા પુસ્તકાલયમાં કોમ્પ્યુટરાઈઝ સેવાનો પ્રારંભ

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે તાજેતરમાં કોમ્પ્યુટરાઈઝ સેવાઓનું લોકાર્પણ રાજ્ય ગ્રંથપાલ રાજ્ય મધ્યવર્તી પુસ્તકાલય વડોદરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ વિભાગના અમદાવાદ મદદનીશ ગ્રંથપાલ નિયામક ડો. પંકજ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના મદદનીશ ગ્રંથપાલ એન.એસ.રાઠોડ અનેસ્ટાફે કર્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હિન્દુસ્તાન મોટર્સ લી.

Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦